## જીવનમાં વીમા પોલિસી હોવાથી શું લાભ થઈ શકે એ પણ એક કોયડો બની શકે છે...

# ખરેખર કેટલા ઈન્સ્યોરન્સ કવરની જરૂર છે?

**આ** પણ જીવનમાં મહિલાઓ જેટલું મહત્ત્વ વીમા પોલિસીઓનું છે. તેમની જરૂરિયાત હોઈ શકે છે, તેમને સમજવામાં મુશ્કેલી પડી શકે છે અને તેમાં સમય લાગી શકે છે, પણ તેઓ આપણી સાથે હોવાથી તેમને વધારે સારી રીતે સમજવાથી જીવનને લાભ થાય છે. જીવનમાં વીમા પોલિસી હોવાથી શું લાભ થઈ શકે એ કોયડો બની શકે છે, તેમાં ખર્ચ થઈ શકે છે અને તેને સમજવામાં સમય લાગી શકે છે, પણ જીવન વીમો યોગ્ય પ્રમાણમાં હંમેશા ઉપયોગી બને છે.

**ઈન્સ્યોરન્સ ગાઇડ**
રુષભ ગાંધી

તમારાં કુટુંબ અને તમારી જાતને સુરક્ષિત કરવા માટે કેટલા વીમાની જરૂર છે? સૌપ્રથમ, તેનો કોઈ ચોક્કસ અને એકસમાન જવાબ નથી. કોઈ પણ વ્યક્તિ ચોક્કસ રકમ સુધી પહોંચવા ગણતરી કરી શકે છે. શ્રેષ્ઠ સંતુલન જાળવવું પડશે એ મહત્ત્વપૂર્ણ છે. વધારે પડતું વીમાકવચ મેળવવામાં ઊંચું પ્રીમિયમ ચુકવવુ પડશે અને આ માટે જીવનશૈલી સાથે સંબંધિત અન્ય ખર્ચા પર કાપ મૂકવો પડશે, ત્યારે અતિ ઓછું વીમાકવચ તમારાં આશ્રિતોને તમારી સાથે કમનસીબ ઘટના ઘટે ત્યારે જોખમમાં મૂકી શકે છે. આ અનિશ્ચિતતામાંથી બહાર નીકળવાનો એક સરળ માર્ગ છે. જ્યારે કેટલાંક ઓનલાઇન માધ્યમો ગણતરીની સેકન્ડમાં પહોંચવામાં મદદરૂપ થઈ શકે છે, ત્યારે અન્ય કેટલીક વ્યક્તિઓ ઊંડાણપૂર્વક વિગતો મેળવવાનો પ્રયાસ કરી શકે છે. આ નિયમો સરળ છે, જેને અનુસરવાથી તમારાં



જીવનની વીમાની જરૂરિયાતોનો વિસ્તૃત અંદાજ મળે છે.

**નિયમ 1: તમારી આવક + ઉંમરનો નિયમ**

જીવન વીમાનો ઉદ્દેશ સરળ છે - તેનો ઉદ્દેશ તમારાં આશ્રિતોને સુરક્ષા પ્રદાન કરવાનો અને તમારી ગેરહાજરીમાં તેમની વર્તમાન જીવનશૈલી જાળવવામાં મદદ કરવાનો છે. આ નિયમ જણાવે છે કે તમારું કવચ તમારી કુલ વાર્ષિક આવકથી ઓછામાં ઓછું 10 ગણું હોવું જોઈએ. ઉદાહરણ તરીકે, જો તમારી કુલ વાર્ષિક આવક રૂ. 2 લાખ હોય, તો તમારું જીવન વીમાકવચ આશરે રૂ. 20 લાખનું હોવું જોઈએ. પોલિસીની ટર્મ પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. જો તમારો હાલનો પ્લાન તમે 50 વર્ષની આસપાસની ઉંમર પૂર્ણ થઈ જતો હોય તો નવો પ્લાન ખરીદવામાં વધારે ખર્ચ થશે. તમારું કાર્યકારી જીવન પૂર્ણ થાય ત્યાં સુધીનો પ્લાન કરવાથી લાભ થશે.

**નિયમ 2: આવક + એક વખતની જરૂરિયાતનો નિયમ**

જો તમારાં કુટુંબમાં બાળકો નાનાં હોય, તો તમારે જીવનનાં વિવિધ તબક્કાઓમાં એક વખતની જરૂરિયાતો પૂર્ણ થાય એવું પરિબળ ધ્યાનમાં લેવાની જરૂર છે. આ નિયમ સૂચવે છે કે તમારી પાસે તમારી કુલ આવકથી 10 ગણું + તમારાં બાળકનાં શિક્ષણ, બાળકનાં લગ્ન, વર્તમાન લોન (હોમ/કાર) વગેરે જેવી એક વખતની જરૂરિયાતોનો મૂળભૂત ખર્ચ પૂરું પાડે તેટલું વીમાકવચ હોવું જોઈએ. કોઈ કમનસીબ ઘટનામાં તમે તમારાં કુટુંબને સાથસહકાર આપવા હાજર ન હોય, તો તમારી આવકની ખાધ પૂર્ણ કરવા જ વીમા પોલિસી ખરીદવી શ્રેષ્ઠ વિકલ્પ હોઈ શકે છે.

**નિયમ 3: તમારી ખર્ચ કરી શકાય તેવી આવક સાથે સમાધાન ન થવું જોઈએ**

જ્યારે પ્રથમ બે નિયમો તમારા અંદાજિત વીમાકવચને તમને શ્રેષ્ઠ રીતે અનુકૂળ બનવામાં મદદ મળશે, ત્યારે યાદ રાખો કે આ રકમ તમારી ખર્ચ કરી શકાય તેવી આવક ક્ષમતાથી વધી જવી જોઈએ નહીં. સરળ શબ્દોમાં કહીએ તો વીમા પ્રીમિયમ ચુકવવા માટે તમારાં રોજિંદા ખર્ચ સાથે સમાધાન ન થવું જોઈએ.

**નિયમ 4: મોંઘવારીને હંમેશા ધ્યાનમાં લેવી જોઈએ**

તમે તમારાં હાલ અને ભવિષ્યનાં ખર્ચને કેવી રીતે ધ્યાનમાં લો છે, પણ જો તમે મોંઘવારીને ધ્યાનમાં નહીં લો તો તમને આંચકો લાગી શકે છે. તમારી વીમા પોલિસીઓ મેચ્યોરિટીનાં સમયે વાસ્તવિક વળતર નકારાત્મક હોઈ શકે છે, જે તમને પસંદ ન પડે તેવું બની શકે છે.

**નિયમ 5: નિયમિત સમયે પોલિસીની સમીક્ષા હંમેશા કરો**

પરિવર્તન પ્રકૃતિનો નિયમ છે. જીવન અનપેક્ષિત વળાંક ધરાવે છે. તમે પરણિત હોવ કે ન હોવ, પણ તમારાં વર્તમાન સ્થિતિસંજોગો બદલાઈ શકે છે, તમે બાળક ન કરવાનો નિર્ણય લઈ શકો છો, તમે તમારી કારનું વેચાણ કરવાની ઇચ્છા ધરાવી શકો છો. નિયમિત સમયાંતરે તમારી જીવન વીમાપોલિસીની સમીક્ષા કરવી અને હજુ પણ પ્રસ્તુત છે કે નહીં તથા યોગ્ય વ્યક્તિને પર્યાપ્ત રકમ પૂરી પાડશે કે નહીં એ મહત્ત્વપૂર્ણ છે. દરેક વ્યક્તિએ કેટલાં વીમાની જરૂર એ જાણવાની જરૂર છે અને આ નિયમો સારી શરૂઆત કરશે. એક વખત તમે વીમાકવચ માટેનાં ચોક્કસ આંકડા પર પહોંચશો પછી તમારાં વ્યક્તિગત સ્થિતિસંજોગો તમને કે તમારાં આશ્રિતો માટે અવરોધરૂપ નહીં.

અંતમાં કહેવાનું કે વીમા પોલિસીઓને પુરુષો સાથે કોઈ સમાનતા નથી. કોઈ પણ વીમા પોલિસી મેચ્યોર થશે. આપણે પુરુષો ક્યારે મેચ્યોર થઈએ છીએ? એ વિશે વાત ન કરવામાં જ શાણપણ છે.

(લેખક:ઇન્ડિયાફર્સ્ટ લાઇફના ડિરેક્ટર છે)